સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૪૭૫૫

વચનોની ઇમારત ચણશે માટીના ટેકા પર!
કાઢશે થોડા દિવસ વેન્ટીલેટરના ટેકા પર!
ને લેશે થોડાક દિવસ શ્વાસ કોંગીના ટેકા પર!
'આમ આદમી'નો મદાર છે ભૂંગરાંના ટેકા પર!
(ભૂગરું = પોલું લાકડું)

ખેલ્યો છે ખેલ
ચૂંટણી મહાકુંભ
છે પડકાર -

થૈ જશે લોકો
બસ ભાડાં વધારે -
પગે ચાલતા..

ચિંતન

प्रस्ताव सदृशं वाक्यं प्रभाव सदृशं प्रियम् ।
आत्मशक्ति समं कोपं यो जानाति सः पंडितः ॥

'ચાણક્ય નીતિ' શાસ્ત્રમાં પંડિત-જ્ઞાની-બુદ્ધિશાળી કોને કહેવાય એની ચર્ચા કરતાં કહે છે :

'જે વ્યક્તિ સમયને અનુકૂળ વાત કરી શકે છે અર્થાત્ લાગ જોઇ તાકડે જે કંઇ કહેવાનું હોય તે નિ:સંકોચ-હિંમતભેર બોલી શકે છે - અર્થાત્ લાજ-શરમ-મર્યાદા સાચવવા સત્ય ન બોલતાં મૌન રહે છે. વળી પોતાનો અને સામેની વ્યક્તિના ગૌરવ અને ગરિમા સાચવીને જ બોલી શકે છે અને એવું સત્ય કહેતાં પણ વિનય-વિવેક-માધુર્ય સાચવી શકે છે, વળી પોતાની શારીરિક શક્તિ-તાકાત-બળના પ્રમાણમાં જ ક્રોધ કરી કજીયા-કંકાસ કરી શકે છે એવા વ્યક્તિને જ વિદ્વાન-જ્ઞાની-બુદ્ધિમાન કહેવાય.'

કેટલાંક લોકો અતિ વિનય-વિવેકને શરમમાં, માતા-પિતા કે બોસ, (પ્રધાનો-સચિવો) ને સત્ય નથી કહી શકતા અને ઇચ્છા-અનિચ્છાએ પણ હા-માં-હા ભણે છે આવા માણસો જિંદગીભરનું મોટું નુકશાન કરે કે કરાવે છે.

સમયસર, કોઇની પણ બીક-ભય વિના તમને જે સત્ય જણાતું હોય એ નિર્ભય રીતે, નિખાલસ પણે કહી જ દેવું જોઇએ. આજે પ્રધાનો-પોલીસો જે જેલમાં છે એ યોગ્ય સમયે સત્ય-નિખાલસ બોલી ન શક્યા તેનું પરિણામ છે.

ક્રોધ પણ આપણી શક્તિ-મર્યાદામાં રહીને જ કરવો જોઇએ. શારીરિક અને બૌધિક બળનો પ્રથમ વિચાર કરવો.

સુવિચાર

- **પોતાને માટે સુખ ઇચ્છવાથી મળતું સુખ નાશવંત છે અને બીજાને સુખ આપવાથી મળતું સુખ અવિનાશી છે** - *ધર્મસૂત્ર*
- **જ્યાં જાતિનું અભિમાન હોય છે, ત્યાં ભક્તિ થવી કઠણ છે, કારણ કે ભક્તિ સ્વયંથી થાય છે, શરીરથી નહીં, પરંતુ જાતિ શરીરની હોય છે સ્વયંની નહીં** - *ભક્તિસૂત્ર*
- **એક પરમાત્મા પ્રાપ્તિનો ઉદ્દેશ્ય હોવાથી કોઇ પણ સાધન નાનું મોટું હોતું નથી-** *એસ. ભટ્ટાચાર્ય*
- **ગૃહસ્થ હોય કે સાધુ હોય,જે પોતાના કર્તવ્યનું પાલન બરાબર કરે છે તે શ્રેષ્ઠ છે** - *આચાર્ય સુરસાગરજી*
- **ઘરમાં રહેવાવાળા બધાં લોકો પોતાને સેવક અને બીજાઓને સેવ્ય સમજે તો બધાની સેવા થઇ જશે અને બધાનું કલ્યાણ થઇ જશે** - *જ્ઞાન સૂત્ર*
- **ઇચ્છાનો ત્યાગ કરવામાં સૌ સ્વતંત્ર છે, કોઇ પરાધીન નથી અને ઇચ્છાની પૂર્તિ કરવામાં સૌ પરાધીન છે, કોઇ સ્વતંત્ર નથી** - *ફ્રાંસિસ બેકન*
- **જેની ભીંતર કોઇ પણ ઇચ્છા બાકી નથી, તેની બધી જ જરૂરિયાતો પ્રકૃતિ આપોઆપ પુરી કરે છે** - *સુરેશ દલાલ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજના રાજાઓ (મુખ્યપ્રધાનો-નેતાઓ-અધિકારીઓ પોતાના સ્વાર્થ માટે પરવાના-લાયસન્સ-ભેળસેળ જેવા પ્રજાના જીવલેણ કૃત્યોની પરવાહ નથી કરતા અરે! હવે તો યુદ્ધ કરનારા અધિકારીઓ પણ શસ્ત્રો ખરીદી અને દેશનાં દસ્તાવેજોમાંથી લાંચ-કમિશન ખાય છે. આમાં રાષ્ટ્ર અને પ્રજા માટે 'બલિદાન' આપે એવી અપેક્ષાઓ ક્યાંથી રાખી શકાય?

સ્પેનના રાજા આલ્ફાંજો ખુદ ખમીરવંત-બહાદુર લડવૈયા અને પ્રજાપ્રેમી રાજા હતા. સ્પેનની રાજધાની માડ્રિડને દુશ્મન દેશના વિશાળ સૈન્યએ ઘેરો ઘાલ્યો-સ્પેનનું સૈન્ય કિલ્લાના દરવાજા બંધ રાખી, સામનો કરતું હતું. એમાં એકાદ અધિકારી ફૂટેલો નિકળ્યો અને સ્પેનનાં રાજાનાં પુત્રનું અપહરણ કરી દુશ્મન દેશના રાજાનો સૉંપી દીધો.

દુશ્મન રાજાએ કિલ્લા સામે જ ફાંસીનો ઊંચ્યો માંચડો બનાવ્યો અને રાજકુંવરને ફાંસી માટે તૈયાર રાખ્યો અને જાસો મોકલ્યો - 'મેડ્રિડ' લડ્યા વિના આપી દો - અથવા પુત્રને ફાંસીને માંચડે લટકતો જુઓ!

આલ્ફાંઝો એ જરા પણ ઢીલા પડ્યા વિના તરત એક સેકંડમાં જ જવાબ આપી દીધો. 'મેડ્રિડ' નહીં મળે-તમારે જે કરવું હોય તે કરો!

નગરજનોએ ફાંસીનું દૃશ્ય નજરે જોયું અને સમગ્ર પ્રજા સૈનિકો સાથે દુશ્મનો પર તૂટી પડી! દુશ્મનોને ચાલ્યા જવું પડ્યું..

Email - sureshchandrabhatt18@gmail.com

...પહેલા પાને જ સમાચાર હતા, કિશોર વયના વિદ્યાર્થી દ્વારા શિક્ષક પર પ્રાણઘાતક હુમલો, તે ગભરાયા, સમાચારને વિગતે વાંચતા વાંચતા આકુળવ્યાકુળ થઇ ગયા

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

દુર્ગેશભાઇ મેટ્રો શહેરના નિવૃત્ત અધ્યાપક છે. સ્કૂલ છોડયા પછી છેલ્લા દશ વર્ષથી ઘેર બાળકોને ભણાવે છે. સ્વસ્થ રહેવાના નિયમોનું પાલન થાય તે માટે નિયમિત રોજ સવારે મોર્નિંગ વોકમાં જાય છે.

'અંકલ જરા જોઇને ચાલતા જાવ' બાઇક પર નજીક આવેલા છોકરાએ તેમને ખીંજાઇને કહ્યું તો એ અવાક્ રહી ગયા. પછી તેની સામે ગુસ્સો કરવાને બદલે હસીને 'સોરી' કહ્યું. છોકરો બબડતો બબડતો બાઇકની સ્પીડ વધારી જતો રહ્યો. આ પરિસ્થિતિને જોઇ રસ્તે ચાલતા કેટલાક લોકો ઊભા રહી ગયા હતા. હમણાં કંઇક બબાલ થશે તેવી સંભાવના ન રહેતા મોટું બગાડીને સૌ વિખરાયા. વધારે કાળજી સાથે દુર્ગેશભાઇ એ રોડ ક્રોસ કર્યો. ઘેર પહોંચ્યા ત્યાં સુધી આજુબાજુ જોઇને ચાલતા રહ્યા. જાણે કે પહેલીવાર કોઇ બાળક નીકળ્યું હોય તેમ. તેમને હસવું આવી ગયું. તે સાથે વિચારવા પણ લાગ્યા. શું ખરેખર એ જોઇને ચાલતા નહોતા. શું તેમની ભૂલ હતી. તેમને બરાબર યાદ છે. તે શેરીમાંથી ડાબી બાજુની સાઇડમાં ચાલતાં ચાલતાં સર્કલ નજીક પહોંચ્યા હતા. તે છોકરો ઝડપથી બાઇક ચલકાવતો હોર્ન વગાડ્યા વિના જ શેરીમાં ઘુસી આવેલો અને બીજા વાહનને બચાવવા જતાં ભટકાયો ભટકાતો માંડ બચેલો. એકદમ બ્રેક મારી ગભરાટમાં બોલી પડેલો. 'અંકલ જરા જોઇને ચાલતા જાવ.'

દુર્ગેશભાઇ પચાસ વર્ષથી બાળકોને ભણાવે છે. કોર્ષ ઉપરાંત ઘણું ઉપયોગી શીખવાડે છે. તેમાં રસ્તા પર ધ્યાન પૂર્વક ચાલવાની વાત મુખ્ય હોય છે. શરૂઆતથી જ બાળકોને આ વાત શીખવવી તેમને અગત્યની લાગેલ. પછી તો દિવસે દિવસે વધતા ટ્રાફિકને કારણે આ બાબત અગત્યની બની ગઇ છે એમ દુર્ગેશભાઇ માને છે. તેઓ સમજાવે તેના કારણે બાલકો જીંદગીભર સાવધાની પૂર્વક રસ્તા પર થતાં અકસ્માતોથી બચી શકશે. તેમનાં દ્વારા કરવામાં આવતી આ સૌથી મોટી સેવા છે. આ વિચાર જ નિરંતર તેમનો ઉત્સાહ વધારી આનંદ આપે છે.

પરંતુ આજે જુવાનીમાં પગ માંડતા એક છોકરાએ તેમને જે કહ્યું તેનાથી તે આશ્ચર્યચકિત થઇ ગયા. 'જોઇને ચાલો અંકલ' એ સંવાદ તે ફરિવાર મનમાં બોલ્યા. અંદરથી જોર જોરથી હસવું આવતું હતું. તેને દબાવીને તેમને ચહેરા પર સ્મિત લાવ્યું હતું. આ વાતે તેમનો ચહેરો ખીલી ઉઠ્યો હતો. આ પ્રકરણ તો કદાચ છેલ્લા શ્વાસ સુધી ભૂલાશે નહીં. એ વિચારતાં એ ફરી હસી પડ્યાં. સાથો સાથ ખુદ ને શાબાશી દેવા લાગ્યા. જો પોતાના પર કાબુ ન રાખી શકત અને ઘીરજ ખોઇ બેસત તો મામલો બિચકવાનો હતો. એ ઉદ્ધત ઉત્તેજિત થઇ ગયેલ છોકરો તેમને કોઇ જાણે શું નું શું કહેત.

'અરે! ડોસા જોઇને ચાલ, ઘરડો થયો તોય રસ્તા પર કેમ ચાલવું એટલી ખબર નથી. સારૂં થયું કે એ છોકરાએ એવું કંઇ કહ્યું નથી. જો એવું કહ્યું હોત તો તે તેને હસી કાઢી શક્યા ન હોત. પણ જે થયું તે સારૂં જ થયું છે એમ માની રાજી થતાં તેમણે ઘરમાં પ્રવેશ કર્યો.'

પણ તેમનો આ રાજીપો ઝાઝીવાર ટક્યો નથી. છાપા પર નજર પડતાં જ ઊડી ગયો. રહના કપમાંથી નીકળતી વરાળની જેમ જ. પહેલા પાને જ સમાચાર હતા. કિશોર વયના વિદ્યાર્થી દ્વારા શિક્ષક પર પ્રાણઘાતક હુમલો. તે ગભરાયા. સમાચારને વિગતે વાંચતા વાંચતા આકુળવ્યાકુળ થઇ ગયા. આ તો હદ થઇ ગઇ કહેવાય. શિક્ષકે પોતાનું કર્તવ્ય સમજીને એ બેદરકાર છોકરાને અભ્યાસમાં ધ્યાન આપવા વારંવાર કહેવું અને તેના માતા-પિતા કે વાલીને જાણ થાય તે માટે તેની ડાયરીમાં લખીને આપેલું. બસ એજ વાતથી ચીડાઇને છોકરાએ આ ક્રુર કામ કર્યું. વિકાસની આ કઇ દિશા છે. આપણી મહાન સંસ્કૃતિ અને ઉદાત્ત પરંપરાની વાત જ જવા દો હવે તો માનવતા પણ મરી પરવારી છે. ભાવાવેશમાં ઇચ્છતા ન હોવા છતાં તેમને ક્રોધ આવી ગયો. આજકાલ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા કરવી એ ગુનો છે. તેમને શિક્ષક તરીકેનો પોતાનો જમાનો યાદ આવ્યો. શિક્ષકોને કેવો વટ હતો. વિદ્યાર્થીની સાથોસાથ તેના વાલીઓ પણ માન જાળવતાં આદર કરતાં. આજે તેમને દશકા પહેલાની સ્થિતિ અથવા એમ કહો કે આપવીતી પણ પહેલીવાર આશ્ચર્ય થયું. જે તોફાની છોકરાઓ તેમને બરાબર ઘીબેલા અને સાથોસાથ ખુબ જ ચીવટથી ભણાવેલા. તેમના મનમાં દુર્ગેશભાઇ માટે આજે કેટલું માન હતું. ત્યાં સુધી કે અમુક છોકરાઓના વાલીઓએ તો ઘેર આવીને આભાર માનેલો કે તમે અમારા છોકરાને શિસ્ત શિખવાડી સુધાર્યો છે.

આગળ જતાં એ વાત સાચી પણ ઠરી. હકીકતમાં ઘણા અભ્યાસમાં નબળા અને બેદરકાર છોકરાઓને દુર્ગેશભાઇએ શિક્ષા કરી સુધારતાં તે આગળ વધી શક્યા હતા. અને તેમાંથી ઘણા અત્યારે ઉચ્ચ કક્ષાએ પહોંચી ઉન્નત જીવન જીવી રહ્યા છે. એવો એક વિદ્યરાથી તો ખુદ તેમના ઘરમાં જ છે. તેમનો દીકરવો વીકી. ડો. વિક્રાંત. તે અત્યારે પ્રોફેસર છે. ભણવાથી કેટલો દૂર ભાગતો. તેને જો કાબુમાં ના લાવ્યો હોત તો શું એ પ્રોફેસર બની શકત. એક પિતા અને શિક્ષક તરીકેની જવાબદારી નિભાવ્યાના સંતોષ સાથે તેમણે અખબાર ટીપોય પર મુક્યું.

ડો. વિક્રાંત આજનું અખબાર જોઇ લીધું હતું. બેઠક રૂમમાં પિતાના હાથમાં અખબાર જોઇ તે અંદરના ઓરડા પાસે જ અટકી ગયા. એક ભાવુક, વૃદ્ધ શિક્ષક પર આ હૃદયને હચમચાવી નાંખે તેવા સમાચારની કેવી અસર પડશે. તે મનોવિજ્ઞાનના પ્રોફેસર માટે જાણવું ખુબ આસાન હતું. પિતાએ અખબાર મુક્યું ત્યાં તેમણે બેઠક રૂમમાં પ્રવેશ કર્યો. પ્રણામ કરી રહાના ખાલી કપરકાબી ઉપાડતાં સ્મિત સાથે સહજ ભાવે પૂછ્યું. 'પપ્પા આજે શાક શું લાવ્યા છો?' આ સાંભળી દુર્ગેશભાઇ ચોંકી ગયા પછી જરા હસ્યા. એ પણ મનોવિજ્ઞાનના બાપ હતા. તે જાણી ગયા કે દીકરો છાપામાં આવેલા ખતરનાક સમાચારની અસર ટાળવા માંગે છે. વાહ! બેટા વાહ! તેમને પોતાના સપુત પર ગર્વ થયો. સામાન્ય રીતે આ સમયે બાપ-દીકરો રાજકીય સમાચારોની વાતો રોજ કરે છે. તે પણ હળવી ફૂલ ચર્ચા જેવી.

'અરે! ભાઇ આજે તો કોણ જાણે કંઇ ધૂનમાં પાછો આવી ગયો કે શાકની લારી તરફ ધ્યાન જ ન ગયું!' કહેતાં તે જરા હસ્યા. અને ટીપોય પર પડેલ અખબાર તરફ જોવા લાગ્યા. ખરેખર તો પેલા બાઇકવાળા છોકરાને કારણે જ એ શાક લાવવાનું ભુલી ગયેલા. ઘેર આવીને આ વાત કરી નવી પેઢીની વિવેકહીનતા અંગે ચર્ચા કરવા માંગતા હતા. પરંતુ અખબાર જોયા પછી એ ઘટનાની વાત કરવાની ઇચ્છા મરી પરવારી. હવે દીકરા સામે જોતાં એક નવી ચિંતા જન્મી. જો સ્કૂલના વિદ્યાર્થીઓ આવા ઉગ્ર હોય તો પછી કોલેજના છોકરાઓનું તો પુછવું જ શું. દીકરાને ચેતવવાની તેમને જરૂર લાગી. તે સારી રીતે જાણતા હતા કે દીકરો મનોવિજ્ઞાન છે. અને પોતાના કામમાં કુશળ છે. છતાં તે પિતા તરીકે મોહ છોડી ન શક્યા. 'તે જોયું સ્કૂલના વિદ્યાર્થી એ શિક્ષકને ચાકુ ભોંકી દીધું. તું કોલેજમાં ભણાવે છે. જરા ધ્યાન રાખજે. છોકરાઓ સાથે તકરાર ન કરવી.' કહેતા કહેતાં તે ગળગળા થઇ ગયા. કયાંક એ બાઇક વાળા સાથે ઝઘડી પડ્યા હોત ને તેણે ચાકુ ભોંકી દીધું હોત તો. એ વિચાર કરતાં દુર્ગેશભાઇ કંપી ગયા.

ડો. વિક્રાંત તેમની સામે બેસી ગયા. ચહેરા પર સૌમ્યતા લાવતાં શાંતિપૂર્વક બોલ્યા. 'પપ્પા તમે સાચું જ કહ્યું પણ તમે તો જાણો જ છો કે બધા છોકરાઓ એવા નથી હોતા. એ છોકરાને ઘરનાં કુટુંબના યોગ્ય સંસ્કાર મળ્યા નહીં હોય. એવું પણ બને કે તે ખોટી સંગતે ચડી ગયો હોય તેની અસર પડી હોય. આપણે એ જોવું પડે કે સંસ્કારના અભાવે કોઇ વિદ્યાર્થીનું ભાવિ બગડે નહીં. પાલન-પોષણની સાથોસાથ સંતાન ગુણવાન બને તે માતાપિતા કે વાલીની રાષ્ટ્રીય જવાબદારી છે. તમે એ જવાબદારી બરાબર નિભાવી છે. મને મારા પિતા પર ગર્વ છે.' કહેતાં તેણે પિતાને ચરણસ્પર્શ કર્યા.

ગદ્‌ગદીત થતાં દુર્ગેશભાઇએ વિક્રાંતને માથે હાથ મુક્યો. ત્યાં વિક્રાંતની પત્ની વસુધા તેમના દશ વર્ષના પુત્ર વિવેકને સ્કૂલ માટે તૈયાર કરીને લઇ આવી. પિતા-પુત્રને ભાવવિભોર દશામાં જોઇ આશ્ચર્ય પામી. નજર પડતાં જ વિક્રાંતે પાછા ફરી વિવેકને હાથ પકડી તેને દાદાની પાસે બેસાડ્યો અને કહ્યું 'પપ્પા તમારે અમારૂં એક કામ કરવાનું છે. હું જોઉં છું કે ટીવી સિરીયલ અને સંગતના કુપ્રભાવથી વિવેક દિવસને દિવસે બગડતો જાય છે. તે નથી તો ખાવાપીવાનું ધ્યાન રાખતો કે નથી ભણવામાં ધ્યાન આપતો. આના પર પણ તમે એ જ ઇલાજ અજમાવો જે મારા પર અજમાવેલો. જૂઓ તેનું પરિણામ સારૂં છે કે નહીં?' વાત પુરી કરતાં વિક્રાંત જોરથી હસ્યો.

'પ્લીજ બાપુજી એ સાચું કહે છે. તમારે અમારા ઉપર એટલી મહેરબાની તો કરવી જ પડશે. અમે બંને તો નોકરી પાછળ નવરાં જ નથી પડતાં. વસુધાએ વિનવણી કરતાં કહ્યું. દુર્ગેશભાઇની આંખોમાં એક ચમક આવી. તે ગંભીરતા પૂર્વક બોલ્યા.'આજની આ ઘટનાથી તમારા બંનેમાં જાગૃતિ આવી છે. આવી ચેતના જો બધાં જ માબાપોમાં આવે તો ક્યારેય આવા ખરાબ સમાચાર વાંચવા ન મળે. આપણે ઇચ્છીએ કે એમ જ થાય. બંને એકી અવાજે બોલ્યાં. આ સાંભળી વિવેક હસી રહ્યો હતો.'

- vanvihari@gmail.com

વેલકમ ૨૦૧૪...!! એન્જોય થર્ટી ફર્સ્ટ પણ સેફટી ફર્સ્ટ...!!

લોહીયાળ કાગળ પર દિલના ઘાવ લખવાનાં, ઠોકર લાગીને બનેલો બનાવ લખવાનાં લખી લખીને અમે શું લખીશું માફીમાં? દલીલ પાંગળીને, લૂલો બચાવ લખવાનાં

થર્ટી ફર્સ્ટના સેલિબ્રેશનની તમે બધાં તડામાર તૈયારી કરતાં જ હશો ને? થર્ટી ફર્સ્ટે ખૂબ ધમાલ કરવાની, દર વર્ષ કરતાં કંઇક હટકે કરવાનું, કોઇ ગમે તેટલાં બુમબરાડા પાડે, આનાકાની કરે, મમ્મી-પપ્પા પરમિશન આપે કે ના આપે, તમે તમારાં પ્લાન કર્યાં જ હશે? કેટલું ફટાફટ પતી ગયું ને આ ૨૦૧૩નું વર્ષ, એને બાય બાય કરતાં થોડાં જ દિવસમાં થર્ટી ફર્સ્ટ આવવાની છે, એન્જોય કરો, સોલિડ મજા કરો, પણ એક મિનિટ, થર્ટી ફર્સ્ટ અને કોરી કોરી? એટલું પેલું પીવાનું તો જોઇએ જ ને? નક્કી કરો તમારો પીવાનું કે નહીં? દારૂ પીવો કે નહીં એની ચર્ચા કરવી પણ થર્ટી ફર્સ્ટની પાર્ટી પત્યા બાદ તમે પાછા કેમનાં આવશો? એટલે ઘરે પહોંચશો તો ખરાં ને? યુવતીઓએ તો પ્યાલો હોઠે માંડતા પહેલાં હજાર વાર વિચાર કરવા જેવો છે. દારૂ પીને ગાડી ચલાવો એટલે તમારૂં તો ઠીક રસ્તે ચાલતાં નિર્દોષને પણ ઢસડી મારો? દર વર્ષે ડ્રીંક એન્ડ ડ્રાઇવને લીધે કેટલાંય યુવાનો જીવ ખોઇ બેસે છે અને ઉજવણી માતમમાં ફેરવાય છે. મજા તો જરૂર કરવાની પણ પોતાની જાત સાથે જ વેર રાખવાનું? નક્કી તમારે કરવાનું. સિવિલ હોસ્પિટલની બેડ પર પડેલી, મોતની પ્રાર્થના કરતી યુવતીની આપવીતી વાંચી લો, સેલિબ્રેશન કરવા માટે ઘણી કામમાં આવે એવી છે...

'મુન્ની બદનામ હુઇ ડાર્લિંગ તેરે લીયે...' સિવિલનાં મારી બાજુનાં પલંગ પર પાટાપિંડી સાથે પડેલાં દર્દીનાં મોબાઇલની મારા સંદર્ભે જ વાગેલી રીંગટોન કર્કશ અવાજથી મારી આંખ ખુલી ગઇ, મમ્મી ખરેખર જ હું તારી મુન્ની બદનામ થઇ ગઇ છું, તે ના પાડી હતી આટલાં મિત્રો વચ્ચે તું એકલી ના જા, થર્ટી ફર્સ્ટની ધિંગામસ્તીમાં મિત્રો કંઇક આડુ અવળું અડપલું કરી બેસશે તો? તું અને આપણે ક્યાંકના નહીં રહીએ...



અમારી આ મસ્તીભરી જિંદગી અને વેસ્ટર્ન લાઇફ સ્ટાઇલ તમને પસંદ નથી. મને તો ખબર કે તમે બધાંએ તો આ મોર્ડન લાઇફ સ્ટાઇલ માણેલી નહીં એટલે તમે અમને ટોક્યા કરો. પણ મમ્મી ખરેખર તો તારે બે તમાચાર ચોડીને જ મને ઘરમાં બેસાડી દેવી હતી. થર્ટી ફર્સ્ટનું સેલિબ્રેશન આટલાં કડવા ઘૂંટડા સાથે ફુર બની રહેશે એવું મેં જરાય નહોતું ધાર્યું. મમ્મી તે મને બિજલ જોષીની વાત કરેલી અને લાલબત્તી ધરેલી કે ફાર્મ હાઉસમાં પાર્ટીમાં ના જવાય, અરે હજી દિલ્હીની બનેલી ઘટનામાં બરબાદ જિંદગીનાં લોક જુવાળમાં મેં ય મીણબત્તી હાથમાં પકડી જ હતી ને? અને એનોય મને ગુસ્સો ચઢેલો, અને છતાંય.... બીજાને શો દોષ દેવાનો? ભૂલ તો મારી ખરી જ ને? મમ્મી મને ખુબ પેટમાં દુઃખાય છે, મારી ચાદર કલાકે કલાકે બદલાય છે, લોહી અટકતું નથી. ડાઘ ચાદરમાં લાગ્યો એનાથી વધુ ઘેરો તો જિંદગીમાં લાગ્ય છે!!

કેટલીવાર તે પેલાં તંગ કપડાં, મિની સ્કર્ટ અને અંગોના ઉભારનું પ્રદર્શન થાય એ માટે કચકચ કરેલી, તું કાયમ કહેતી હિરોઇનોને એમનું શરીર બતાવવાનાં પૈસા મળે છે. આપણે એમનાં વાદ ના લેવાય. મને ત્યારે તારાં પર ખુબ ગુસ્સો આવેલો, પણ કદાચ ગુસ્સો તો તારે કરીનેય મારાં એવા કપડાં ઉતારી લેવા હતા, તો કદાચ આજે આ કપડાં બીજા કોઇ ઉતારી ના શક્યું હોત. તને મારાં મિત્રો પર ભરોસો ઓછો ને શંકા વધારે હતી અને મમ્મી તારી શંકા સાચી અને મારો ભરોસો તુટીને ચકનાચૂર થઇ ગયો...

ડીજેની ધમાલ વચ્ચે નવાં નવાં ગીતોની મસ્તીમાં મારા જેવી કેટલીયે યુવતીઓ ડાન્સ સાથે નવાં વર્ષને વેલકમ કરવાની જોરદાર શરૂઆત થઇ ગઇ. ધીંગામસ્તીને ધમાલ વચ્ચે મારાં પેલાં પાંચેય મિત્રોએ ફ્રીંકસના બબ્બે પેંગ માર્યા, મને બહુ નવાઇ ના લાગી, આવી પાર્ટીઓમાં આવું તો સામાન્ય કહેવાય, મને પણ ફ્રીંક્સ ઓફર કર્યું પણ મે ઘસીને ના પાડી અને તને આપેલું એ વચન નિભાવ્યું. ફરી ડાન્સ સાથે હલકાં-ફુલકાં ટેસ્ટી સ્ટાર્ટસની પ્લેટો આવી મહેફીલ જામી અને મિત્રોએ ફરી ગ્લાસ ટકરાવ્યા અને મને સોફ્ટ ફ્રીંક્સ મિરીન્ડા ઓફર કરાયું, મેં એમાંય અનાકાની કરી અને એમણે મારી મશ્કરીઓ કરતાં હું એગ્રેસીવ થઇ એક જ શ્વાસે આખો ગ્લાસ ગટગટાવી ગઇ અને આજ ગ્લાસ મારો શ્વાસ રૂંધાવાનું કારણ બનીને ઊભો રહ્યો...

મમ્મી તુંમને કાયમ ભોળી-ઇનોસન્ટ કહેતી ત્યારે મને નવાઇ લાગતી કે મમ્મીને મારી મેચ્યોરીટી પર વિશ્વાસ નથી પણ મીરિન્ડાની અંદર મિક્સ થયેલું ફ્રીંક્સ પીવાયું ત્યારે માત્ર મારૂં ભોળપણ સાબિત થઇ ગયું. પહેલીવારનાં એ શુગર કોટેડ કડવાં ઘૂંટડાએ પછી તો 'ઝૂમ બરાબર, ઝૂમ બરાબર' થવા લાગ્યું અને પેલા જાદુગર હિપ્નોટાઇઝ કરે એમ મિત્રોની દરેક વાતો હું માનવા લાગી, ડીજેમાં ગીત વાગતું હતું, 'રાત બાકી, બાત બાકી...'

મમ્મી પછી તો પાર્ટીમાં હું ફાર્મ હાઉસમાં પથારીમાં ક્યારે પટકાઇ ખબર જ ના પડી અને પછી પેલી દિલ્હી-મુંબઇવાળી ફિલ્મ રિવાઇન્ડ થઇ. અર્ધબેભાન અવસ્થામાં મિત્રો સેલિબ્રેશન કરતાં રહ્યાં અને પેલી મીણબત્તીની આગ મને જ દઝાડતી હતી... મમ્મી આખું શરીર મારૂં છોલાઇ ગયું પણ દિલમાં પડેલાં ઉઝરડાંના ઘાવ વધારે બળતરાં કરતાં હતા. મમ્મી તારાં અને પપ્પાનાં અરમાનોના ચૂરેચૂરા કરી નાંખ્યા મેં, તમારી વાતોને મજાક સમજતી હું અને આજે એ મજાક જ ભારે પડી ગઇ. હજી તો મીડીયાવાળા અહીં સુધી પહોંચ્યા નથી, કાલે બોર્ડમાં નંબર લાવી પાસપોર્ટ સાઇઝમાં છાપામાં છપાતી તમારી દીકરી મોટી સાઇઝનાં ફોટા સાથે પ્રથમ પાને મોટું ઢકાયેલું છપાશે, લોકો જાત જાતનાં મસાલા ભભરાવી ગલ્લે ચર્ચાઓ કરશે, ત્યારે તમે દુનિયા સમક્ષ આંખ ઉઠાવી જોઇ નહીં શકો, કેટલી ખરાબ છું ને હું??

(અનુસંધાન પાના નં. ૬ પર)

લવ, વોર એન્ડ પીસ



આમ તો, વિલિયમ શૅક્સ્પિઅરે કહેલું વિધાન જાણીતું છે : 'એવરીથિંગ ઈઝ ફેર, ઈન લવ ઍન્ડ વોર.' તમારે પ્રેમ કરવાની વેળા આવી હોય ત્યારે તમે કંઈ પણ કરી છુટો છો. એ રીતે યુદ્ધમાં પણ જ્યારે મામલો જાન ઉપર આવ્યો હોય, આઈ મીન, મોત તમારી નજર સામે જ હોય, એકાદ-બે વેંત છેટું જ મોત હોય ત્યારે તમે શું કરો? લવ, વોર એન્ડ પીસની વાત કરીએ.

એન્ડી રૂની તરીકે ચાહકોમાં વધુ જાણીતા અમેરિકન લેખક-હાસ્યકાર અને રેડિયો-ટી.વી. પ્રેઝન્ટર ઍન્ડ્રયુ એઈટકૅન રૂની (૧૯૧૯-૨૦૧૧)એ કહ્યું છે કે, 'તમે પ્રેમમાં પડો છો, ત્યારે તમને ખબર પડે છે કે વોટ ઈઝ ધ રીલેશન?' યસ, યા તો તમને પ્રેમ મળે છે, યા તો તમને તિરસ્કાર મળે છે. પોઝિટવ સેન્સમાં તમને દુનિયા સારી લાગવા માંડે છે. યા તો નેગેટિવ મેનરમાં તમને દુનિયા સાથે નાતો તોડી દેવાનું મન થાય છે. હા, પ્રેમ તમને ઘણું બધું શીખવે છે. બટ, સાચો પ્રેમ તમને નિરાશ કરતો નથી, તમારો તિરસ્કાર કરતો નથી. તમારી સાથે વેર લેવા માગતો નથી. સાચો પ્રેમ તમારો આદર કરે છે. તમારી જિંદગીની દુઆ કરે છે, તમારી પ્રગતિની કામના કરે છે.

૯૨ વર્ષની સદાબહાર ઉંમરે એન્ડી રૂની થોડા વખત પહેલા (૨૦૧૧) જ અવસાન પામ્યા. તેઓએ સળંગ ૬૦ વર્ષ સુધી અમેરિકન રેડિયો અને ટી.વી. માટે પોતાનું કલાપ્રદાન કર્યું. હાઉ એમેઝિંગ! (અમીન સાયાની યાદ આવે ને!) તેઓએ સળંગ 'એ ફ્યુ મિનિટ્સ વિથ એન્ડી રૂની' નામનો પ્રોગ્રામ 33 વર્ષ (૧૯૭૮થી ૨૦૧૧) સુધી સંભાળ્યો. જે સી.બી.એસ. ન્યૂઝ પ્રોગ્રામ '૬૦ મિનિટ્સ'ના ભાગરૂપે રજૂ થતો. તેઓનાં ઘણાં બધાં વન-લાઈનર આજે ઘણા બધા લોકો રૂટિનમાં યુઝ કરે છે. 'તમારે સંબંધ લાંબો સમય રાખવો છે, તો છોકરીને સમજવાની કોશિષ ના કરશો, માત્ર પ્રેમ કરો, અને છોકરાને સમજવાની કોશિષ કરો, પ્રેમ ન કરો તો ચાલશે!' કંઈક આ પ્રકારનાં વન-લાઈનર્સ આપણને ખ્યાલમાં છે.

વોર ઍન્ડ આર્મીની વાત કરીએ, તો તરત ઍન ફ્રેન્ક નામની પંદરેક વર્ષની તરૂણી યાદ આવી જાય. 'ઍન ફ્રેન્કની ડાયરી' નામે તેણીએ લખેલી નોટ્સ દુનિયાભરમાં જાણીતી છે. દુનિયાભરની મોટા ભાગની ભાષાઓમાં એનો અનુવાદ મળે છે. લશ્કરમાં કામ કરતા પિતાની સાથે જાણ્યે-અજાણ્યે સાથે

ગયેલી છોકરી વોર શરૂ થઈ જાય છે, ત્યારે ભંડકિયામાં સંતાયેલી સ્થિતિમાં યુદ્ધની વિભિષિકા નજરે નિહાળે છે. જે નિહાળે છે, એને કાગળ ઉપર ઉતારે છે. એની ડાયરી વર્ષોથી, આજે પણ વર્લ્ડઝ બેસ્ટ સેલર બૂક છે. યુદ્ધની યાતના તો ભોગવી હોય એ જ જાણે. રણમોરચાની વાત કરવી ઠીક છે. પરંતુ રણમોરચે માત્ર ૨૪ કલાક (જો જીવિત રહેવાયું હોય તો) ગાળવા વધુ કપરાં છે.

**લવ, વોર ઍન્ડ પીસ. વોરલેન્ડ ઉપર બધું જ થઈ શકે, એમ કહેવાય છે. છળકપટ અને છેતરપિંડી યુદ્ધના મેદાનમાં જ સૌથી વધુ હોય. ઈતિહાસમાં ઘણા કિસ્સાઓ છે કે પ્રેમના નામે રૂપ દ્વારા શક્તિને હરાવી શકાય.